સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ભોળાના ભગવાન એટલે શીઘ્ર પ્રસન્ન થનારા શિવ

આચમન
બિપિન પટેલ

ભગવાન શિવનું નામ કાને પડે.. ને.. એક કલ્યાણકારી મૂર્તિ આંખો સમક્ષ તરવરવા લાગે ! શિવ અર્થાત પરમ કલ્યાણકારી! શિવ અર્થાત્ પરમ મંગલકારી, શિવ અર્થાત્ પરમ હિતકારી! જેઓ સૌનું કલ્યાણ કરે છે અને સ્વયં આનંદ સ્વરૂપ છે એ છે શિવ! શિવજીનાં નામ તો અનેક છે પરંતુ કદાચ ભોલેનાથ કે ભોળાનાથ કહેવડાવવાનું તેમને વધુ ગમે છે. તેઓ સ્વયં તો ભોળા છે જ. સાથે સાથે તેઓ ભોળા ભક્તોના તારણહાર પ્રાણનાથ પણ છે. તેઓ એટલા તો ભોળા છે કે એક લોટો જળ અને એક બિલ્વપત્રથી પણ તેઓ પ્રસન્ન થઈ જાય છે.

ભગવાન શિવ આશુતોષ પણ છે અને અવઢરદાની પણ છે અર્થાત્ તેઓ શીઘ્ર પ્રસન્ન પણ થઈ જાય છે અને મોં માગ્યું વરદાન પણ તરત જ આપી દે છે ! શ્રીરામ-ચરિતમાનસના અયોધ્યાકાંડનો એ અત્યંત ભાવુક અને માર્મિક પ્રસંગ પણ જાણવા જેવો છે કે જયાં સ્વયં મહારાજ દશરથજી મહાદેવને પ્રાર્થના કરે છે. હકીકત હૃદયદ્રાવક છે. મહારાજ દશરથજીએ રામના રાજ્યાભિષેકની ઘોષણા તો કરી દીધી પરંતુ કૈકેયીજીના ષડયંત્રમાં તેઓ ફસાઈ ગયા. કૈકેયીજીએ મહારાજ દશરથજી પાસે પોતાની અમાનત રૂપી બે વરદાનમાં - એકમાં પુત્ર ભરતને અયોધ્યાનું રાજ્ય અને રામને 14 વર્ષનો વનવાસ માંગીને વચનબધ્ધ દશરથજીને રામને વનમાં મોકલવા માટે વિવશ કરી દીધા. રાજા દશરથજીએ કૈકેયીજીને ખૂબ સમજાવ્યાં, ખૂબ મનાવ્યાં, ખૂબ વિનંતી કરી - ખૂબ કાકલૂદી કરી પરંતુ મહારાજ દશરથજીની કોઈ વાત સ્વીકારવા માટે કૈકેયીજી તૈયાર ન થયાં ! ત્યારે દશરથજી અત્યંત વ્યાકુળ, દુઃખી અને અસહાય બની ગયા. તેમની ચારે તરફ નિરાશાનો પ્રગાઢ અંધકાર છવાઈ ગયો. તેઓ કિંકર્તવ્યવિમૂઢ બની ગયા. તેઓ સમજી



ન શક્તા હતા કે - પોતે રામને વનમાં જવાની આજ્ઞા કેવી રીતે કરી શકશે?!

તેમને કોઈ માર્ગ ન સૂઝયો ત્યારે તેમણે મહાદેવને પ્રાર્થના કરી, ‘‘આશુતોષ તુમ અવઢરદાની | આરતિ હરહુ હીન જનુ જાની - હે સદાશિવ! તમે મારી પ્રાર્થના

જેઓ સૌનું કલ્યાણ કરે છે અને સ્વયં આનંદ સ્વરૂપ છે એ છે શિવ! શિવજીનાં નામ તો અનેક છે પરંતુ કદાચ ભોલેનાથ કે ભોળાનાથ કહેવડાવવાનું તેમને વધુ ગમે છે. તેઓ સ્વયં તો ભોળા છે જ

સાંભળો. તમે તો આશુતોષ છો-અર્થાત્ શીઘ્ર પ્રસન્ન થનારા છો અને અવઢરદાની પણ છો - અર્થાત્ મોં માગ્યું આપનારા છો. મને હીન ગણીને મારું દુઃખ દૂર કરો. તુમ્હ પ્રેરક સબ કે હૃદય- તમે તો પ્રેરક રૂપે સૌના હૃદયમાં બિરાજમાન છો. મારા રામને તમે એવી બુધ્ધિ આપો કે જેથી તે વનમાં જવાના પોતાના નિર્ણયનો ત્યાગ કરે. ભલે જગતમાં મને અપયશ મળે! ભલે મારી કીર્તિ ક્લંકિત બને!

ભલે મારે નર્કમાં જવું પડે! પરંતુ મારો રામ મારી આંખોથી દૂર ન થાય!’’ દશરથજીએ તો બધું મહાદેવ પર છોડી દીધું પરંતુ શ્રીરામ તો કૃતનિશ્ચયી હતા. પિતાને પ્રણામ કરીને આશીર્વાદ માગતાં તેમણે કહ્યું, ‘‘પિતાશ્રી! તમે જરા પણ વ્યથિત ન થાઓ. ચિંતા છોડો ગ્લાનિ ન કરો. વનમાં જવાની મને આજ્ઞા આપો.’’ રામે વનવાસ સહજતાથી સ્વીકારી લીધો. ન કોઈ ફરિયાદ કરી કે ન કોઈ વિરોધ કર્યો! બીજી જ ક્ષણે.... ‘રામ તું મહાન છે! ના!ના! મહાન શબ્દ પણ નાનો પડે છે...’ દશરથજીના એ હૃદયોદગાર રામના હૈયાને ભીંજવી રહ્યા.

# અમીરી ગુલામી કરતાં ગરીબી સ્વતંત્રતા ભલી

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

ચીનના એક વિદ્વાન ચુઆંગ જુ નદીકિનારે બેઠા હતા અને પ્રકૃતિસભર એકાંતને માણી રહ્યા હતા, એવામાં ચીનના રાજાનો દૂત તેમને શોધતો શોધતો ત્યાં આવ્યો, દૂતે ચુઆંગ જુને કહ્યું; ‘‘રાજા તમને હમણાં જ બોલાવે છે.’’

રાજાનો હુકમ એટલે જવું તો પડે જ. ચુઆંગ જુ દૂત સાથે રાજા પાસે ગયા, ભવ્ય ખંડમાં રાજા સિંહાસને બેઠા હતા. ચુઆંગ જુને રાજાએ કહ્યું; ‘‘મારા પ્રધાનનું પદ ખાલી છે. તમે એ પદ સ્વીકારો એવી મારી ઈચ્છા છે. એ માટે તમને બોલાવ્યા છે.’’

ચુઆંગ જુએ આજુબાજુ નજર દોડાવી તો એક મૃત કાચબો એક સોનાથી મઢેલા કબાટમાં

ખરો કલાકાર ક્યારેય પૈસા પાછળ ભાગતો નથી અને કોઈનો ગુલામ થઈ કામ કરતો નથી. એ ભલે ગરીબ હશે પણ સ્વતંત્રતા પસંદ કરશે. આખરે તો આત્માનંદ માટે કલા છે

રખાયો હતો.

ચુઆંગે રાજાને નમ્રતાથી કહ્યું; ‘‘હે રાજા, આપની વાતથી આનંદ થયો પણ મને એક પ્રશ્નનો જવાબ આપવા વિનંતી છે.’’

રાજાએ કહ્યું; ‘‘બોલો.’’

ચુઆંગ કહે, ‘‘આ કાચબો જીવતો થાય તો આ તમારા સોનાના કબાટમાં રહેવાનું પસંદ કરે?’’

રાજા કહે, ‘‘ના જ કરે ને? એમાં શું નવી વાત?’’

ચુઆંગ જુએ કહ્યું; ‘‘જી રાજા, હું જીવંત છું



એટલે આપના પ્રધાનપદનો સ્વીકાર કરી શકું તેમ નથી. મને માફ કરશો. મને આ કાચબાની જેમ રહેવાનું નહીં ગમે.’’ અને ચુઆંગે ચાલવા માંડ્યું; રાજા વિચારતા રહી ગયા.

આવી જ રીતે એક કવિએ રાજાના દરબારી કવિ તરીકેનું પદ સ્વીકારવા ના પાડી હતી, એ કવિએ રાજાને કહ્યું હતું કે મને સરસ્વતી માતા પ્રેરણા આપે, તે કવિતા રચું છું, મને આપના દરબારમાં બેસી આપને ખુશ કરતી કવિતા રચવી નથી, માટે મને માફ કરશો.

વાત જાણે એમ છે કે, રાજદરબારની અમીરી ગુલામી કરતાં પોતાની ગરીબી સ્વતંત્રતા સારી છે. એમ આ કવિ અને વિદ્વાન ચિંતક માનતા હતા. ખરો કલાકાર ક્યારેય પૈસા પાછળ ભાગતો નથી અને કોઈનો ગુલામ થઈ કામ કરતો નથી. એ ભલે ગરીબ હશે પણ સ્વતંત્રતા પસંદ કરશે. આખરે તો આત્માનંદ માટે કલા છે.

## સપ્તાહનાં વ્રત-તહેવાર

તા. ૭ થી તા. ૧૩ સપ્ટેમબર ૨૦૨૬

### તા. ૭ સોમવાર

શ્રાવણ વદ એકાદશી:અજા એકાદશી(ખારેક),શિવપૂજન(જવ).

### તા. ૮ મંગળવાર

શ્રાવણ વદ બારસ :મંગલાગૌરી પૂજન,ભોમ પ્રદોષ,પર્યુષણ પર્વ-ચતુર્થી પક્ષ,જૈન.

### તા. ૯ બુધવાર

શ્રાવણ વદ તેરસ-:બુધ પૂજન, કૈલાશયાત્રા,અઘોરા ચૌદશ,પર્યુષણ પર્વ પંચમી પક્ષ-જૈન,શિવરાત્રી.

### તા. ૧૦ ગુરુવાર

શ્રાવણ વદ ચૌદશ: બૃહસ્પતિ પૂજન,પિઠોરી-દર્શન અમાસ.

### તા. ૧૧ શુક્રવાર

શ્રાવણ વદ અમાસ- જીવંતિકા પૂજન, દર્ભા હરણ, રુદ્ર વ્રત, શિવ પૂજન સમાપ્ત.

### તા. ૧૨ શનિવાર

ભાદરવા સુદ પડવો-: મૌનવ્રત શરૂ, રામદેવ પીર નવરાત્ર, મહાવીર સ્વામી જન્મવાંચન.

### તા. ૧૩ રવિવાર,

ભાદરવા સુદ બીજ-:વરાહ જયંતી. શ્રી ચક્રધર સ્વામી જયંતી.